# જિલ્લા બાળ સુરક્ષા એકમ

ટી–૧૬, ત્રીજા માળે, બહુમાળી ભવન, એસ.ટી. સ્ટેન્ડપાસે,ભાવનગર–૩૬૪૦૦૧.
ફોન : ૦૨૭૮ – ૨૪૨૨૦૭૨ E-Mail: dcpu.bhavnagar@gmail.com


જા. નં./ડીસીપીયુ/ભા/ /૨૦૧૯-૨૦ તા. / /૨૦૧૯

પ્રતિ,

આચાર્ય શ્રી,

ખાનગી / સરકારી (પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા)

ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ શાળાઓ (તમામ)

જિ. ભાવનગર.

વિષય:- બાળ સુરક્ષા તથા ચાઇલ્ડ હેલ્પ લાઇનના પ્રચાર – પ્રસારમાં સહકાર આપવા બાબત.

ઉપરોકત વિષયથી આપશ્રી જણાવવાનું કે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ભારત સરકારશ્રી દ્વારા દરેક રાજયમાં સંકલિત બાળ સુરક્ષા યોજના અમલી છે. જે અંતર્ગત દરેક જિલ્લા સ્તરે જિલ્લા બાળ સુરક્ષા એકમ કાર્યરત છે. જે ૦ થી ૧૮ વર્ષ વચ્ચેના અનાથ, નિરાધાર, ત્યજાયેલ, પરિત્યાગ કરેલ બાળકોની સુરક્ષા, કાયદાઓ, યોજનાઓ તેમજ તેની કાળજી અને રક્ષણ વગેરે મુદ્દાઓ ઉપર કામગીરી કરે છે તેમજ ભાવનગરમાં આવેલ શૈશવ સંસ્થાના સહયોગથી ચાઇલ્ડ હેલ્પ લાઇન – ૧૦૯૮ જે કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય અને ચાઇલ્ડ ઇન્ડિયા ફાઉન્ડેશનના સહયોગથી દેશમાં ૩૫૦ ઉપરાંત શહેરોમાં કાર્યરત છે.

જિલ્લામાં બાળકોની સુરક્ષા માટે કાર્યરત તંત્રોની બાળકોમાં તથા વાલીઓમાં અને સમુદાયમાં જાગૃતતા આવે તે હેતુથી આપની સંસ્થાઓ તથા શૈક્ષણિક સંકુલ / શાળાઓમાં બાળ સુરક્ષા એકમ તથા ચાઇલ્ડ લાઇન દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવા આપશ્રી સાથે સંકલન કરવામાં આવે ત્યારે સહકાર આપવા વિનંતી છે.

જીલ્લા બાળ સુરક્ષા અધિકારી
ભાવનગર

જીલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

નકલ રવાના: ચાઇલ્ડ હેલ્પ લાઇન ૧૦૯૮ (શૈશવ સંસ્થા) – જાણ અર્થે

Scanned by CamScanner